ગાંધીનગર સમાચાર



# શહેરમાં વાતાવરણ પલટાયુ

## વાદળછાયા વાતાવરણના કારણે મહત્તમ તામપાન નીચુ આવ્યુ : જો કે બફારાથી શહેરીજનો પરેશાન



ગાંધીનગર, તા.૧૦

આજે સવારથી આકાશમાં ઘેરાઈ આવેલા વાદળોના પરિણામે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને મહત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું નીચુ આવ્યું છે. જો કે ભેજનું પ્રમાણ વધતા ભારે બફારાથી સૌ કોઈ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.

છેલ્લા એક અઠવાડિયાથી શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. મહત્તમ તાપમાન ૪૪-૪૫ ડિગ્રીની આસપાસ ફરી રહ્યું છે. સતત લુ ફુંકાતા વસાહતીઓ ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતા. જો કે આજ સવારથી વાતાવરણમાં પલ્ટો આવતા ભારે ગરમીથી થોડીક રાહત મળી છે. કેરળમાં ચોમાસુ શરૂ થયાની વિધિવત જાહેરાત બાદ વાતાવરણમાં આવેલા ફેરફારથી વહેલા ચોમાસાની આશા બંધાઈ છે. આજે સવારથી જ આકાશમાં વાદળોની સતત અવરજવર જોવા મળી હતી. એક તબક્કે તો એવું લાગતું હતું કે હમણાં અમી છાંટણા થશે અને શહેરીજનોને વરસાદી ફોરામાં ભીંજાવાનો લ્હાવો મળી શકશે. પરંતુ બપોર બાદ વાદળો વિખેરાઈ જતાં વરસાદની આશા ઠગારી નીવડી હતી. વાદળોની અવરજવરથી ગરમીમાં રાહત મળતા વસાહતી ખુશ થઈ ગયા હતા. જો કે ભેજનું પ્રમાણ વધુ રહેતા બફારો વધુ અનુભવાયો હતો. પંખો જો સહેજવાર પણ બંધ કરવામાં આવે તો પરસેવે રેબઝેબ થઈ જવાતું હતું. રાત્રીના સમયે પવન બંધ રહેતા ખુબ બફારો થતો હતો. આજે વાદળછાયા વાતાવરણના કારણે મહત્તમ તાપમાન ૪૦.૮ ડિ.સે. નોંધાયું છે. જયારે લઘુત્તમ તાપમાન ૩૦ ડિસે રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૪ ટકા અને સાંજે ૩૨ ટકા રહ્યું હતું.

# જાહેરમાં શૌચક્રિયા સામે દંડનીય કાર્યવાહી

## ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં કરાયેલ નિર્ણય : સ્લમ એરિયામાં સુલભ શૌચાલયની સેવાઓ વિનામૂલ્યે આપવાની દરખાસ્તનો પણ સ્વીકાર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ જાહેરમાં શૌચક્રિયા કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાના નિર્ણયને બહાલી આપી છે તો સ્લમ એરિયામાં સુલભ શૌચાલયોની સેવાઓ વિનામૂલ્યે આપવાની દરખાસ્તનો પણ સ્વીકાર કર્યો છે.

જાહેરમાં શૌચક્રિયા કરનાર સામે પ્રથમ વખત રૂ. ૫૦નો દંડ કરાશે જ્યારે બીજીવાર દંડની રકમ રૂ. ૧૦૦ વસુલવામાં આવશે.

ઓપન ડેફિનેશન ફ્રી સીટી બનાવવાના લક્ષ્યાંક સાથે તંત્ર આગળ વધી રહ્યુ છે. આ માટે શહેરમાં હાલ ૨૪ જેટલા નવા જાહેર શૌચાલયોનું નિર્માણ કાર્ય પણ ચાલી રહ્યુ છે. ગાંધીનગર શહેર ૩૦ સેક્ટરોમાં પથરાયેલું છે. જેમાં ૧૩ જેટલા જાહેર શૌચાલયો હાલ કાર્યરત છે.

ગાંધીનગર શહેર ગ્રીનસીટીનું બિરૂદ પણ ધરાવતુ હતુ. જો કે શહેરનો જે વિસ્તાર છે તેના પ્રમાણમાં જાહેર શૌચાલયોની સુવિધા ઓછી કહી શકાય. આ ઉપરાંત ગાંધીનગર એ રાજ્યનું પાટનગર છે અને મુલાકાતીઓની સંખ્યા પણ વધુ છે જો કે તંત્રએ હવે આ પડકાર ઉપાડી લીધો છે અને વધુ નવા શૌચાલયો આ વખતે બનાવાશે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં સ્લમ એરિયામાં સુલભ શૌચાલય માટે માલિક પાસે જે ફી વસુલીને આપવામાં આવ્યા હતા તે રદ કરવાનો નિર્ણય કરી આ શૌચાલયો મફત વાપરવામાં દેવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં શૌચાલયોની સુવિધા ન ધરાવતા પરિવારોમાં પણ શૌચાલયોના નિર્માણની કામગીરીને સઘન બનાવવામાં આવશે તેમ આજની બેઠકમાં નક્કી થયું હતુ.

# ૧૦૦ ટકા નામાંકનનું સ્વપ્ર રગદોળાયુ !!

## લક્ષ્યાંક કરતાં ૧૫૫૭ બાળકોએ ઓછો પ્રવેશ મેળવ્યો : ૬૮૪ શાળાઓમાં ૨૬૯ મહાનુભાવોની હાજરી સાથે પ્રવેશોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં લક્ષ્યાંક કરતાં ૧૫૫૭ બાળકોએ ઓછો પ્રવેશ મેળવતાં ૧૦૦ ટકા નામાંકનનું સ્વપ્ર તંત્રનું રોળાઈ જવા પામ્યુ છે. ત્રણ દિવસની ઉજવણીને અંતે ૧૦,૮૩૫ બાળકોએ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો છે.

આજે અંતિમ દિવસે ૧૮૮૯ કુમાર અને ૧૮૨૮ કન્યાઓએ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો છે. જેમાં ૨૩ બાળકોનું પુનઃ નામાંકન કરવામાં આવ્યું છે.

ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન જિલ્લામાં ૧૧,૬૩૮ બાળકોએ ધો. ૯માં પ્રવેશ મેળવ્યો છે. જિલ્લામાં ૬૬ વિકલાંગ બાળકોએ પ્રવેશ પ્રાપ્ત કર્યો છે. જિલ્લામાં ગુણવત્તાસભર શૈક્ષણિક સંસ્થાઓમાં મળશે તેવા વિશ્વાસ સાથે લોકોએ આ વર્ષે પણ વિક્રમી દાન શૈક્ષણિક સંસ્થાઓમાં વહાવ્યુ છે.

જિલ્લાની આંગણવાડીઓમાં ૫૫૫૧ બાળકોએ પ્રવેશ મેળવી શૈક્ષણિક કારકિર્દીનો એકડો ઘૂંટવાનો શરૂ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૫૫૮૧ કુમાર અને ૫૨૫૪ કન્યાઓએ પ્રવેશ ધો. ૧માં મેળવ્યો છે. જિલ્લામાં આ વખતે ૬૨ શાળાઓમાં ટ્રાન્સપોર્ટની સુવિધા શરૂ કરવામાં આવી છે.

પ્રવેશોત્સવ દરમ્યાન ૨૬૯ મહાનુભાવોએ ૬૮૪ શાળાઓની

● અનુસંધાન પાન-૭ પર

## વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે પસંદ થયેલી બાળાઓએ જ પ્રવેશ ના લીધો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ બાળાઓ જે વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે પસંદ થઈ હતી તેમણે પણ પ્રવેશોત્સવમાં પ્રવેશ લેવાનું માંડી વાળતાં તંત્રની હાલત કફોડી બની જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે ૨૧૬ બાળાઓની પસંદગી કરવામાં આવી હતી જે તંત્રએ નિયત કરેલ માર્ગદર્શિકા પ્રમાણે પસંદગી પામી હતી. ત્રણ દિવસને અંતે ૧૯૨ બાળાઓએ શાળામાં પ્રવેશ દરમ્યાન વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા છે. અર્થાત્ ૨૪ બાળાઓએ પ્રવેશ મેળવ્યો નથી. ૨૧૬ પૈકી પ્રથમ દિવસે ૫૩ બાળાઓએ, બીજા દિવસે ૪૬ અને ત્રીજા દિવસે ૯૩ બાળાઓએ પ્રવેશ મેળવ્યો હતો અને તેમને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા હતા.

# ગ-૦ થી ગ-૧ વચ્ચે એકબાજુ ફુટપાથનું કામ હજુ પણ અપુર્ણ

ગાંધીનગર તા ૧૦

શહેરમાં ફુટપાથ પર ગાબડા હજુ પણ પુરાયા નથી. ફુટપાથના ગાબડા પુરવા માટે રૂ ૧૫ લાખનો ખર્ચ થયો છે. ત્યારે શહેરમાં કેટલાક ઠેકાણે હજુ ફુટપાથનુ કામ જ બાકી છે. ગ માર્ગ પર ગ-૦ થી ગ-૧ વચ્ચે એકસાઈડ ફુટપાથનુ નિર્માણ કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં એક દાયકાથી વધુ સમયના અંતે પણ ફુટપાથની કામગીરી પુર્ણ થઈ શકી નથી. અલબત્ત ફુટપાથની બાકી કામગીરી માટે અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે બાકીની કામગીરી હાથ ધરવા માટે કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. શહેરમાં અંદાજીત ૯૬ કી મી વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. જયારે ફુટપાથનો ઉપયોગ વોક વે ની સાથે વાહનો દોડાવા માટે પણ થતો હોવાથી કેટલાક ઠેકાણે મોટામસ ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા છે. જો કે આ ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા અગાઉ રૂ ૧૫ લાખના ખર્ચે કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ હજુ પણ કેટલાક ઠેકાણે ફુટપાથ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. જયારે શહેરના મુખ્ય ગ માર્ગ પર ગ-૦ થી ગ-૧ વચ્ચે એકબાજુ ફુટપાથનુ કામ હજુ અધુરુ છે. અલબત્ત માર્ગની એકબાજુ ફુટપાથની કામગીરી બાકી છે. બીજીતરફ ગ માર્ગ પર ફુટપાથની કામગીરીમાં સદંતર વેઠ ઉતરી હોવાનો આક્રોશ પણ હજુ શમ્યો નથી. અધુરુ કામ પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.

# સ્માર્ટ સીટીના દસ પ્રોજેક્ટો સામાન્ય સભામાં રજુ કરવા બહાલ રખાયા

## ખોદ્યો ડુંગર નીકળ્યો ઉંદર જેવી સ્થિતિ પ્રોજેક્ટ્સમાં, જુના પ્રોજેક્ટ્સ જ નવા સ્વરૂપે રજુ કરવામાં આવ્યા !!

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આજે સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંગેના સૂચવાયેલી ૧૧ દરખાસ્તો પૈકી ૧૦ દરખાસ્તો મંજૂરી માટે સામાન્ય સભામાં રજુ કરવા માટે બહાલી આપવામાં આવી છે.

જો કે રજુ કરાયેલી ૧૦ એ દરખાસ્તો આમ તો ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવી જ જણાઈ રહી છે. આ માટે સ્થાયી સમિતિના સભ્યો સમક્ષ ખાસ પ્રેઝન્ટેશન પણ રજુ કરાયા હતા. આ જે પ્રોજેક્ટો રજુ થયા હતા તે જુના અંદાજપત્રમાં હતા તેને નવા સ્વરૂપે તેમજ સરકારે જે રિપોર્ટ અભેરાઈએ ચડાવ્યા છે તેને લગતા જ મુદ્દાઓને આવરી લઈ આ પ્રોજેક્ટો તૈયાર કરાયા છે.

ચેરમેનશ્રી મનુભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલ સ્થાયી સમિતિની આજની બેઠકમાં રજુ થયેલા પ્રોજેક્ટોની દરખાસ્તમાં બગીચાઓનું આધુનિકરણ, આંગણવાડીઓનું આધુનિકરણ, શહેરમાં ૨૪x૭ પાણી પુરવઠો, પરિવહનની શ્રેષ્ઠ વ્યવસ્થા, કોમ્યુનીટી ટોયલેટ, સાયકલ ટ્રેકની આસપાસ વૃક્ષારોપણ તેમજ કેનાલ પર સોલાર લાઈટ માટેની પેનલો લગાવવાનો પી.પી.પી. મોડેલ પ્રોજેક્ટ, જળસંચય, સે. ૧૧ અને સે. ૨૧માં મલ્ટી સ્ટોરેજ પાર્કિંગ વ્યવસ્થા, ડિઝીટ્સ વિગતો દર્શાવતા બસ સ્ટેન્ડ અને સોલિડ વેસ્ટનું મૂળ જગ્યાએથી અલશીકરણના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

ક્રિકેટ ગાઉન્ડના અદ્યતનીકરણની કામગીરીનો આરંભ થઈ ગયો અને સરકાર આગળ વધી રહી છે ત્યારે તે પ્રોજેક્ટનો સમાવેશ નહિ કરવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો હતો તેમ શ્રી મનુભાઈ પટેલે જણાવ્યું હતું.

મનપાની રચના પૂર્વે શહેરમાં ૨૪x૭ પાણી પુરવઠો આપવા અંગે તત્કાલીન શહેરી વિકાસ મંત્રી શ્રી આઈ. કે. જાડેજાએ ટાટા કન્સલટન્સીને રિપોર્ટ તૈયાર કરી આપવાનું મંજૂર કર્યુ હતુ અને તે રિપોર્ટના આધારે થોડીક કામગીરી થઈ પણ હતી અને પછી આખી વાત અભેરાઈએ પડી જવા પામી હતી. જેમાં વધુ બે ટાંકી બનાવવાની વાત હતી જે નિર્માણ થઈ ચુકી છે તેમજ નવા સંપ બનાવાવની વાત હતી તે પણ થઈ ચુક્યા છે. આમ છતાં હજુ પુરા ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની ફરિયાદ છે.

આ જ પ્રમાણે પરિવહનની વ્યવસ્થા માટે હજુ સુધી કોઈ જ નક્કર કાર્યવાહી મનપાનું તંત્ર કરી શક્યુ નથી. નોટીફાઈડ કચેરી વખતે નિયત કરાયેલ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા જ ચાલે છે. શહેરને પુનઃ ગ્રીનસીટી બનાવવાની વાતો છેલ્લા ત્રણ વર્ષથી થાય છે પણ શહેરમાં વૃક્ષોની વાવણી પછી જાણળવણી થતી નથી અને વૃક્ષો ઉગતા પહેલાં જ મૂરઝાઈ જાય છે.

બગીચાઓનું આધુનિકરણ એ ગત વર્ષના બજેટનું મુખ્ય લક્ષ્ય હતુ તે પણ હાંસલ થઈ શક્યુ નથી. આમ આજે રજુ થયેલા પ્રોજેક્ટસ ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવા બનીને ઉભર્યા છે.



સ્માર્ટ સીટી કે દબાણ નગરી - ગાંધીનગર મહાનગરપાલિકાને સ્માર્ટ સીટી જાહેર કરવા દશે દિશાઓમાં ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે... એક તરફ તંત્ર દબાણ હટાવવા કમર કસી રહ્યું છે... તો બીજી તરફ દબાણકારો જૈસે થે સ્થિતિમાં આવીને તંત્રને પડકાર આપે છે... ૨૪ કલાકમાં જ બદલાયેલી સ્થિતિની તસવીર ઘણું કહી જાય છે... પ્રથમ તસવીરમાં દબાણ હટાવ્યું અને સમગ્ર વિસ્તારનો ચોખ્ખો ચણાક કરાયો... તો બીજા જ દિવસે દબાણકારો હતા એમના એમ ગોઠવાઈ ગયા અને તંત્રની મહેનત ઉપર પાણી ફેરવી નાખ્યું.... આમ દબાણકારો અને તંત્ર વચ્ચે ઉંદર-બિલાડીની રમત ચાલતી હોય એમ લાગે છે... પરંતુ સ્માર્ટ સીટીનું સ્વપ્ન આ રમતથી ઘોંચમાં ના પડે તે જોવાની સૌની જવાબદારી છે...

# સે-૩૦માં નવા સરકારી બ્લોક બાંધવામાં આવશે

## ઉચ્ચ કક્ષાએ બેઠક બાદ આખરી નિર્ણય લેવાશે : હાલ સે- ૭ અને ૨૯માં કર્મચારીઓ માટે સુવિધાયુક્ત ટાવર કોલોની બાંધવાનુ કામ ચાલી રહયુ છે

ગાંધીનગર તા ૧૦

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણ કરી દેવાયા બાદ હાલ નવા સરકારી આવાસો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કર્મચારીઓ માટે સ- ૭ તેમજ સે-૨૯ માં અદ્યતન ટાવર કોલોનીનુ નિર્માણ કરવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે હજુ પણ નવા આવાસો બાંધવા માટે તંત્ર દ્વારા અંદાજ તૈયાર કરી દેવાયો છે. સે-૩૦ માં નવા ટાવર બ્લોક બાંધવા માટે સ્થળ પસંદગી કરવામાં આવશે. આ મામલે આગામી દિવસામાં ઉચ્ચ કક્ષાએ બેઠક યોજવામાં આવશે ત્યારબાદ આખરી નિર્ણય લેવાશે.

શહેરમાં નિકાલ હેઠળના જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ તંત્ર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નવા બ્લોક બાંધવામાં આવી રહયા છે. હાઈટેક આવાસો તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સે- ૭ તેમજ સે-૨૯માં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ આ ઠેકાણે નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. હાઈરાઈઝ આવાસોમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. જેમાં વસાહતીઓ માટે પાર્કીંગ તેમજ બગીચાની સુવિધા પણ ઉભી કરાશે. એકબાજુ શહેરમાં સરકારી આવાસોની બદતર હાલતના લીધે કર્મચારીઓને યોગ્ય વસવાટ માટે મકાન મેળવવા પ્રતિક્ષા યાદીમાં જ રહેવુ પડે છે. ત્યારે કર્મચારીઓ માટે નવા આવાસ બાંધવાનુ કામ શરૂ કરી દેવાતા આગામી દિવસોમાં કર્મચારીઓને સુવિધાયુક્ત આવાસો

● અનુસંધાન પાન-૭ પર




બેસણું


અમારા પૂજ્ય મોટાભાઈશ્રી **પટેલ દશરથભાઈ નરોત્તમદાસ** (ડી.એન. પટેલ, નિવૃત્ત ના.કા.ઈ., પાટનગર યોજના) તા. ૮/૬/૨૦૧૬ના રોજ કેનેડા મુકામે (વતન-મેરવાડા) દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૨/૬/૨૦૧૬, રવિવારના રોજ ગાંધીનગર મુકામે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ હોલ, સેક્ટર-૭/સી, ગાંધીનગર

લિ.

ગં.સ્વ. પટેલ નયનાબેન દશરથભાઈ (કેનેડા)

પટેલ અરવિંદભાઈ નરોત્તમદાસ — પટેલ આનંદી અરવિંદભાઈ
પટેલ અનિલભાઈ નરોત્તમદાસ — પટેલ ભારતી અનિલભાઈ
પટેલ નલિનભાઈ નરોત્તમદાસ — પટેલ ગીતા નલિનભાઈ
પટેલ અમિત દશરથભાઈ (કેનેડા) — પટેલ સ્નેહલ અમિતભાઈ (કેનેડા)
પટેલ સુમિત દશરથભાઈ (યુએસએ)
પટેલ માનવ અમિતભાઈ (કેનેડા)



શ્રધ્ધાંજલિ

સૌજન્ય, સદ્ભાવ,
સ્નેહ જેનો સ્વભાવ હતો,
સહજતા, સેવા, સૌમ્યતા
જેના સદ્ગુણો હતા, પરહિત,
પ્રેમ અને લાગણીશીલતા
જેની કર્મનિષ્ઠા હતી.
તેવા દિવ્ય આત્માને
માં ઉમિયાજી શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

સ્વ. પટેલ મંગળદાસ આત્મારામ

(પૂર્વ પ્રમુખશ્રી, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર)

જ.તા.૧૫-૦૩-૧૯૪૭ — સ્વ.તા.૦૬-૦૬-૨૦૧૬

કડવા પાટીદાર સમાજ,
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર
હોદ્દેદારો ★ ટ્રસ્ટી મંડળ ★ કારોબારી
ઉમા સમાજ ભવન ★ શિક્ષણ ★ ટેમ્પલ સમિતિ
ઉમા મહિલા વિકાસ મંડળ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com